# ત્રસ્ત મા-બાપ અને વડીલોના જીવનમાં ખુશ્બુ લાવતી કાયદાકીય કલમો

ગાંધીનગર, તા. ૨૮

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ અમૃતભાઈ મોઢે નિવેદનમાં જણાવેલ છે કે ભારત સરકારે વરિષ્ઠ નાગરિકો માટેની રાષ્ટ્રીયનિતિ ૧૯૯૯થી સ્વીકારી છે. ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલો માટે તેમના જીવનના છેલ્લા વર્ષોમાં દરેક પાસામાં તેમને રક્ષણ રાહત અને કલ્યાણ થાય તેવા તમામ પગલાં લેવાનું નક્કી કર્યું છે. તે અન્વયે ઘરમાંથી ત્યજી દેવાયેલા કે કાઢી મુકાયેલા મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણનો કાયદો ૫૬-૨૦૦૭નો સ્વીકાર ગુજરાત સરકારે કરી તેના નિયમો ૨૦૧૧ પ્રસિધ્ધ કર્યા છે. જે માટે ગુજરાત સરકારનું પ્રશંશનીય કામ છે. આ નિયમો હેઠળ રચાયેલી સમિતિમાં ૧) પ્રાંત ઓફિસરોના વડપણ સાથેની ટ્રીબ્યુનલો, ૨) કલેકટરશ્રીના વડપણ સાથેની એપલેટ ટ્રીબ્યુનલો, ૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને નિભાવણી અધિકારી તરીકે સત્તાઓ આપવાના નિયમો પણ અમલ શરૂ કરેલ છે. મા-બાપો કે ત્યજાયેલા વરિષ્ઠને ૯૦ દિવસમાં જ કાર્યવાહી ભરણપોષણ રૂા. ૧૦,૦૦૦ની મર્યાદામાં મંજૂર થયા છે. વકીલ વિનાની રજૂઆતમાં નારાજપક્ષ એપલે ટ્રીબ્યુનલમાં જઈને ૬૦ દિવસમાં જ ન્યાયનો અમલ કરાવી શકે છે. ભરણપોષણનો હક્ક આ રીતે ભોગવી શકાય છે. જાગૃત, તટસ્થ વરિષ્ઠને જ અરજી કરવાની ક્ષમતા છે. કોઈપણ સ્વૈચ્છિક સંસ્થા મા-બાપ વતી અરજી કરીને ભરણપોષણ અપાવી શકે છે.

જે મા-બાપો કે વડીલોની મિલકત તેમના જ નજીકનાઓએ પડાવી લીધી હોય અથવા તેમની સાથે રહીને જીવવા માટે સુરક્ષીત ન હોય તેમને પણ ૨૦૧૧ના નિયમોમાં જોગવાઈ છે. આ કાયદાના ઝડપી અમલથી આવા ત્રસ્ત મા-બાપ વરિષ્ઠ નાગરિકોના જીવનમાં ખુશ્બુ જરૂરી પ્રસરી શકે છે.

# સેકટર-૭ લગ્નવાડી તરફનો રોડ સંધ્યા સમયે ચક્કાજામ

## શાકભાજી અને ખાણી પીણીની લારી ગલ્લાવાળાઓનો રોડ પર અડીંગો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સેકટર-૭ સુવિધા કેન્દ્રથી સેકટર-૭ની લગ્નવાડી તરફ જતા મુખ્ય માર્ગની બંને બાજુએ શાકભાજી ની લારીવાળાઓએ ફરી અડીંગો જમાવી દેતા આ માર્ગ પર સાંજે ૬ થી ૯ દરમિયાન પસાર થતા વાહન ચાલકો ભારે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે અને અમદાવાદના ટ્રાફિકનો અનુભવ કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી સેકટર-૭માં મોટા પાયે શાકમાર્કેટ ભરાય છે. ધીમે ધીમે શાકભાજી વેચનારાઓએ શાકભાજીની લારીઓમાં વધારો કરી છેક માર્ગ પર આવી જતા લારીઓ ટ્રાફીકને અડચણ રૂપ બનતી હતી. આથી જિલ્લા વહીવટીતંત્રની દબાણ શાખા દ્વારા જે જગ્યાએ (સેકટર-૭ લગ્નવાડીની પાછળ) ચારેય બાજુ દિવાલ ચણી શાકભાજી વેચનારાઓને ખદેડી મૂકયા હતા. પરિણામે શાકભાજી વાળાએ લેઉવા પટેલની વાડી પાસેના વિસ્તારમાં જઈ શાકમાર્કેટ ચાલુ કર્યું હતું. પરંતુ રહીશો અને વાહનચાલકોની ફરિયાદને લીધે દબાણ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરી અને બજારને દૂર કરાવ્યું હતું. શાકભાજી વેચનારાઓને જાણે કે સેકટર-૭નો મોહ ના છૂટતો હોય તેમ અને 'થાનેદાર ચલે ગયે અબ કાહેકા ડર'ની જેમ હવે તો સેકટર-૭ સુવિધા કેન્દ્રથી લગ્નવાડી સુધીના માત્ર ૨૦ ફૂટ પહોળા રોડ ઉપર ફરી વાર આ શાકભાજી વેચનારાઓએ અડીંગો જમાવી દીધો છે અને વાહન લઈ આ માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. માર્ગની બંને તરફ શાકભાજીની લારીઓ લઈ વેપારીઓ શાકભાજી વેચવા ઉભા રહેતા ખરીદી અર્થે આવતા ગ્રાહકો પણ માર્ગમાં જ આડેધડ પોતાનું વાહન પાર્ક કરી ખરીદી કરે છે. જેથી સાંજે ૬ થી ૯ કલાક દરમિયાન આ માર્ગ પર પોતાનું ટુ વ્હીલર અથવા તો ફોર વ્હીલર લઈ નિકળવું વાહન ચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યું છે. તો ઘણા વાહન ચાલકોએ આ માર્ગ પરથી પસાર થવાનું બંધ કરી દીધું છે. ત્યારે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષકની કચેરીથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ આ ટ્રાફિક સમસ્યા હોવી તે ટ્રાફિક પોલીસની કામગીરની ચાડી ભરી રહી છે. જિલ્લા વહીવટી તંત્રની દબાણ શાખા અને ટ્રાફિક પોલીસ તંત્ર સંયુકત રીતે માર્ગ પરના આ અડચણને દૂર કરે તે જરુરી બન્યું છે.

# ટ્રકે અડફેટે લેતા ડભોડાના પોલીસ કોન્સ્ટેબલનું કરૂણ મોત

## પો. કોન્સ્ટેબલ અને હોમગાર્ડના જવાન રાત્રી પેટ્રોલીંગમાં હતા ત્યારે ટ્રકે અડફેટે લીધા : ચિલોડા માર્ગ પર શાહપુર સર્કલ નજીકની ઘટના હોમગાર્ડના જવાનને પણ ગંભીર ઈજા

ગાંધીનગર, તા. ૨૮

ચિલોડા-નરોડા હાઈવે માર્ગ પર ગત મોડી રાત્રે બેફામ જતા અજાણ્યા ટ્રકચાલકે પેટ્રોલીંગ કરતા પોલીસ કોન્સ્ટેબલને અડફેટે લેતા ગંભીર રીતે ઘવાયેલ પોલીસ કર્મચારીનું કરૂણ મોત નિપજ્યું હતું.જયારે આ અકસ્માતમાં હોમગાર્ડના અન્ય એક જવાનને પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ શંકરભાઈ અર્જુનભાઈ ચાવડા ઉં.વ. પર ગઈકાલે રાત્રી દરમિયાન હોમગાડના જવાન સાથે પોલીસ પેટ્રોલીંગ અર્થે નીકળ્યા હતા. આ દરમ્યાન ચિલોડા-નરોડા હાઈવે માર્ગ પર શાહપુર સર્કલ નજીક રાત્રીના બેફામ જતા અજાણ્યા ટ્રકચાલકે પોલીસ કર્મચારીને તેમજ હોમગાર્ડના જવાનને ટક્કર મારતા બન્નેને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં પોલીસ કોન્સ્ટેબલ શંકરસિંહ અર્જુનસિંહ ચાવડાનું કરૂણ મોત નિપજ્યું હતું. જયારે હોમગાર્ડઝના જવાન જાલમસિંહ સોલંકીને પણ ગંભીર ઈજા થતા તેમને સારવાર અર્થે ગાંધીનગરસિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાંથી તેમને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. આ બન્ને જવાનો માર્ગની એકબાજુએ ઉભા હોય ત્યારે પસાર થતા ટ્રકે અડફેટે લીધા હોવાનું મનાઈ રહ્યું છે. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પરમારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શાક માર્કેટમાં ઈન્કવાયરીના કર્મચારીઓના જ ગલ્લા..!

સેકટર-૭-સીમાં ગેર કાયદેસર માર્કેટ શરૂ કરાવવા સેકટર-૭ પૂછપરછ કચેરીના અધિકારીઓ કે કર્મચારીઓનો નાણાંકીય વ્યવહાર ચાલતો હોવાની શંકા ઉદભવી છે. સેકટર-૭-સી ૯૦ મીટરના પ્લોટ અને કેટેગરી વચ્ચે શાકમાર્કેટ ગેરકાયદેસર ઉભું કરાવવા પાછળ સેકટર-૭-સીની ઈન્કવાયરી કચેરી જવાબદાર હોવાનો આક્ષેપ વસાહતીઓ દ્વારા કરવામાં આવ્યો છે. કર્મચારીઓ દ્વારા માસિક હપ્તા ઉઘરાવવામાં આવે છે. તેમજ ગલ્લાઓ જે ગેરકાયદેસર ઉભા કરવામાં આવ્યા છે તે પણ ઈન્કવાયરીના જ કર્મચારીઓની માલિકી હક્કના હોવાની ફરિયાદો છે, દબાણ તંત્ર પણ કહીને આવતું હોય તેમ જે તે સમયે ગલ્લાવાળાઓ ગલ્લા લઈને જતા રહે છે અથવા એ બે દિવસોમાં દેખાતા નથી.

# સેક્ટર-૭-સીમાં બે દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધારપટ સર્જાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર જયારે પાટનગરની ઓળખ ધરાવે છે ત્યારે તેના કેટલાક સેક્ટરોમાં નાના-મોટા પ્રશ્નો એવા ઊભા થાય છે કે જેનાથી તંત્રની બેદરકારી અને અવ્યવસ્થિત વહીવટની પોલ ખુલ્લી પડી જાય છે. આવો જ એક બનાવ ગાંધીનગરના સેક્ટર-૭-સીમાં બન્યો છે. છેલ્લા બે દિવસથી સેકટર-૭-સીની સ્ટ્રીટલાઈટો બંધ થઈ ગઈ છે. જેને કારણે સેકટરમાં પ્રવેશતા અને આસપાસમાં રાત્રિ દરયાન ઘોર અંધકાર જ રહે છે.

શહેરમાં વીજળી ડૂલ થવાનાં કિસ્સાઓ વારંવાર સંભળાય છે. જેમાં સેક્ટર-૭-સીમાં છેલ્લા બે દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધારપટ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. વસાહત મંડળના મહામંત્રી કાલુભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, આ અંગે ટેલિફોન ફરિયાદ તથા રૂબરૂમાં વારંવાર રજૂઆતો કરવા છતાં અંધારપટ દૂર કરવામાં આવ્યો નથી. આ બાબતે તંત્ર તરફથી ઉદાસીનતા જોવા મળી રહી છે. જો આ અંગે સત્વરે ઉકેલ નહીં આવે તો કચેરી સામે આંદોલનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

# સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ વર્ગના તાલીમાર્થી ભાઈઓનો દીક્ષાંત સમારોહ



ગાંધીનગર, તા. ૨૮

રાજય સરકાર દ્વારા ગરો-બ્રાહ્મણ સમાજના શિક્ષિતોને સોળ સંસ્કારની તાલીમ આપવાના ઉમદા આશયથી સ્વામી તેજાનંદ કર્મકાંડ યોજના અમલી બનાવવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે આયોજિત સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમવર્ગમાં જોડાયેલા તાલીમાર્થી ભાઈઓનો દીક્ષાંત સમારોહ આજરોજ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ગાયત્રી મંદિર,સેકટર-૧,ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ સામારોહમાં મંત્રીશ્રીના હસ્તે રાજયના જુદા જુદા જિલ્લામાંથી આવેલા ગરો-બ્રાહ્મણ સમાજના ૪૫ યુવાનોને દીક્ષા આપવામાં આવી હતી.

આ -સંગે મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ દક્ષિણા અને ભીખ વચ્ચેની પાતળી ભેદ રેખાની સમજ આપી રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ગરો-બ્રાહ્મણ સમાજ માટેની સ્વામી તેજાનંદ કર્મકાંડ યોજના પાછળના ઉમદા આશયની વાત કરી હતી.તાલીમાર્થી ભાઈઓને સ્વામી તેજાનંદના જીવન ચરિત્ર વિશેની રસ-દ ઐતિહાસિક વાત કરી હતી.

આ તાલીમમાં જોડાયેલ તમામ તાલીમાર્થીઓને ગાયત્રી પરિવાર તથા ગરો-બ્રાહ્મણ સમાજના તજજ્ઞો દ્વારા કર્મકાંડની તાલીમ આપવામાં આવી હતી. આજરોજ યોજાયેલા દીક્ષાંત સમારોહમાં તાલીમાર્થીઓને કર્મકાંડ અંગેના પુસ્તકો, કર્મકાંડને લગતી વસ્તુઓ અને વસ્ત્રો અને -માણપત્ર આપવામાં આવ્યા હતાં.

આ -સંગે ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી,ગાંધીનગરના સુ.શ્રી જે.કે.અન્તાવે કર્યુ હતું. આભારવિધિ સંયુકત નિયામક શ્રી એચ.જી.દેસાઈએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુસૂચિત જાતિ કલ્યાણના નાયબ નિયામક શ્રી પી.બી.શ્રીમાળીએ કર્યુ હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી સંજય -સાદ, ગાયત્રી શક્તિ પીઠના વાઈસ ચેરમેન શ્રી રાજુભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર શ્રી ગોવિંદભાઈ ચૌહાણ, આદર્શ નિવાસી શાળા (અજા/કુમાર), સેકટર-૮ના વોર્ડન શ્રી જી.આઈ.પરમાર સહિત ગરો-બ્રાહ્મણ સમાજના તજજ્ઞો સહિત ગાયત્રી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# મિલકત રજિસ્ટ્રેશનમાં પચાસ હજાર કે લાખના સ્ટેમ્પ પેપર ઉપલબ્ધ કરવાની જાગૃત નાગરિક પરિષદની રાવ

ગાંધીનગર, તા. ૨૮

જમીન- મકાન - સ્થાવર મિલકતોના વેચાણ દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન કરાવવા માટે સ્ટેમ્પ પેપરની જરૂરિયાત પડે છે. તેલગીં કૌભાંડ બાદ સરકાર દ્વારા દરેક સ્ટેમ્પ પેપરની સાઈઝ અને કલરમાં ભિન્નતા હોય છે. જેથી કોઈ ગેરરીતિનો અવકાશ સર્જાય નહી તેવી ચોકસાઈ ગોઠવેલ છે.

મોંઘવારી ફુગાવો વધતાં રૂપિયાની કિંમત ઘટી છે. જેથી દસ્તાવેજોમાં રૂા. ૫૦,૦૦૦ અને એક લાખના સ્ટેમ્પ પેપરની જરૂરિયાત છે. પરંતુ તે ઉપલબ્ધ નથી. પરિણામે મિલકત ખરીદીના રજિસ્ટ્રેશન વખતે પારાવાર હાડમારીઓ ભોગવવી પડે છે. નાગરિકોને ઓછી કિંમતના સ્ટેમ્પ પેપર ખરીદવા પડે છે. લખાણમાં પણ છૂટક છૂટક લખાણ લખવું પડે છે. મોટી સંખ્યામાં સ્ટેમ્પ પેપર વાપરવા પડે છે.

ઉપરોક્ત હકીકતો ધ્યાનમાં રાખીને મોટી કિંમતના રૂપિયા પચાસ હજાર , લાખ રૂપિયાના સ્ટેમ્પ પેપર બનાવવાની માગણી ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆએ કરેલ છે.

# ગાંધીનગર જિલ્લા પ્રજાપતિ સમાજ દ્વારા ૨૪મીએ જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આગામી તા. ૨૪મી જૂનના રોજ ટાઉન હોલ ગાંધીનગર મુકામે રાજ્યકક્ષાનો જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના કોઈપણ ગોળ-શાખાના પ્રજાપતિ ઉમેદવારો ભાગ લઈ શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧ જૂન છે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

પસંદગી મેળામાં વિધવા કે ત્યકતા ઉમેદવાર બહેનોને ફીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. ૪૦ વર્ષથી ઉપરના ઉમેદવાર પોતાની ઓળખ જાહેર કરવા ન માગતા હોય તો તેમના નામ કે ફોટા વગર ફકત બાયોડેટા પ્રસિધ્ધ કરવામાં આવશે. ઉમેદવારોને ન્યાય મળી રહે તે માટે મર્યાદિત સંખ્યામાં ફોર્મ સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે પોપટલાલ એસ. પ્રજાપતિ (૯૮૨૫૪ ૫૩૪૮૫), મનુભાઈ કે. પ્રજાપતિ (૯૪૨૭૬ ૦૫૨૫૨)

# શું દિકરીના બાપ હોવું એ અપરાધ છે ?

લગ્ન થયાને હજુ બે જ મહિના થયા છે. નવું નવું કપલ છે નવી જીંદગીની શરૂઆત છે. કન્યાના દિલમાં સ્વપ્ન મહેલ રચવાના ખ્વાબ છે. દામ્પત્યજીવનને સંગીન અને રંગીન બનાવવાની કલ્પના છે. પોતાનું સર્વસ્વ પતિને સમર્પિત કરી જીંદગીને યાદગાર બનાવવાની તમન્ના છે. અને એક દિવસ કન્યાને પોતાના પતિના લવ અફેરની જાણ થયા છે, કન્યા હતાશ બની જાય છે. પતિને સમજાવવાની કોશિશ કરે છે. મારામાં ક્યાં ખામી છે? મારા પ્રેમમાં ક્યાં અધુરપ લાગી ? પણ પોતાનો ભાંડો ફુટી જશે તે જાણી પતિ રઘવાયો બને છે, અને પોતાના પાપ છુપાવવા પત્નિને મારઝુડ કરી તેને બદનામ કરવાની કોશિશ કરે છે. પત્નિ રીસાઈને પિયર ચાલી જાય છે. દિકરીનો પિતા તેને સમજાવી ફરી સાસરે જવાની અને ધીરજથી કામ લેવાની સલાહ આપે છે. પિતા પોતાના વેવાઈને સમાચાર મોકલાવી પોતાની દિકરીને તેડી જવા આગ્રહ કરે છે. દિકરાનો બાપ રાજપાટમાં આવી જાય છે. તમારે સાડી સત્તરવાર ગરજ હોય તો તમારી દિકરીને મૂકી જાવ. મારો દિકરો તેડવા નહિ આવે. દિકરીના માટે આભ ફાટી પડે છે.

દિકરી કહે હું જવા તૈયાર છું, પણ મારો પતિ મને એકવાર કહી દે કે જે થયું તે ખોટું થયું છે. ફરી આવી ભૂલ નહિ થાય. પણ પતિ પોતાની પત્નિને ફોન કરવા પણ તૈયાર નથી. દિકરીનો બાપ સમાજના આગેવાનોને મળી આનો કોઈ રસ્તો કાઢી આપવા વિનંતી કરે છે. પણ આગેવાનોના પેટનું પાણીય હાલતું નથી. કોણ કહી શકે દિકરાના બાપને કે તમારા ઘરે દિકરી આપીને એના બાપે કોઈ ગુનો કર્યો છે? દિકરીને ૨૦ વર્ષની કરી ભણાવી- ગણાવી કુટુંબીઓની અને સમાજની હાજરીમાં તમારા દિકરાના હાથમાં દિકરીનો હાથ સોપ્યા પછી તે બાપની દિકરી તમારા કુટુંબનું એક અંગ બની જાય છે. તમારા પરીવારમાં જેટલો અધિકાર તમારા પુત્રનો છે એટલો જ અધિકાર તમારી પુત્રવધુનો છે.

હવે તે પારકી જણી નહિ પણ તમારી પુત્રવધુ છે અને હૃદયની વિશાળતા હોય તો તે તમારી દિકરી છે, પણ કોણ જાણે કેમ સમાજ હજુ આ વાસ્તવિક્તા સ્વીકારવા તૈયાર નથી. સાસુ કે સસરા સાથે કંઈ વાંકુ પડે તો પુત્રવધુને પોતાના પિયર ચાલ્યા જવાનું કહી દેવું એમાં સુસંસ્કારો અને માનવીય ગુણોનું અધઃપતન સ્પષ્ટપણે જણાઈ આવે છે. પરણેતરને છોડી પારકી સ્ત્રીઓ સાથે રંગરેલિયા મનાવતા દિકરાને ઘરમાંથી બહાર ચાલ્યા જવાનું કહેવાની હિંમત કોઈ મા-બાપ કેમ કરતા નથી? તું તારે પિયર જતી રહે, તારો બાપ વ્યવહારમાં કંઈ સમજતો નથી. આવા મહેણાં મારી પુત્રવધુને માનસિક ત્રાસ આપવો તેમાં કઈ ખાનદાની છે? શું દીકરીના બાપ હોવું એ અપરાધ છે? શું દિકરીના બાપે કાયમ માટે જમાઈની કે વેવાઈની પગચંપી જ કરતા રહેવાનું હોય છે? શું દિકરી પોતાના કુટુંબનો ત્યાગ કરી પોતાનું સર્વસ્વ પતિને સમર્પિત કર્યા પછી પણ સાસરી પક્ષ માટે તે 'પારકી જણી' જ છે? તેણે પોતાના પતિની કુટેવો પર ઢાંકપિછોડો કરી સહન કરતા જ રહેવાનું છે? તેને કાયમ સતિ સાવિત્રી બની અગ્નિ પરીક્ષા જ આપાવાની છે ? આ બધા પ્રશ્નનો જવાબ જો 'હા' હોય તો યાદ રાખો સમાજ ક્યારેય સુખી નહી થઈ શકે અને પ્રશ્નનો જવાબ 'ના' હોય તો પુત્રવધુ પર સિતમ ગુજારનાર સાસરી પક્ષ એટલું વિચારી લે કે તેમની દિકરી પણ કોઈની પુત્રવધુ બનવાની છે.

એક ગરીબ ઘરની પણ અત્યંત સ્વરૂપવાન દિકરી પોતાના ઘરમાં પુત્રવધુ બનાવનાર ધનવાન પરિવારે ગરીબ દિકરી પર ઉપકાર કર્યો છે તેમ માને છે. પણ લગ્ન પછી દિકરીને ખબર પડી કે પતિને રાત્રે ડ્રીંક લીધા સિવાય ચાલતું નથી. કરમનો દોષ માની કન્યા પડ્યુ પાનુ નિભાવી લેવા મન મનાવે છે. પણ સાસુ અવારનવાર મેણાં મારે કે તારો બાપ તો ભિખારી છે એણે અમને કંઈ જ આપ્યુ નથી. આવું ઘર તમને ક્યાં મળે? આખો સમાજ જાણે છે કે કાગડો દહીંથરું લઈ ગયો છે. પણ સ્વાર્થ પત્યાં પછી જીવનને અમીરી અને ગરીબીના ત્રાજવે તોલવું એ માનવતા સાથે છેતરપિંડી નથી શું? સમાજની હંમેશા એ તાસીર રહી છે કે દિકરીના બાપે હંમેશા નત મસ્તકે રહેવું પડે છે. પ્રત્યેક દિકરાનો બાપ એટલું તો સમજે કે દિકરાના કોઈ દુષ્કૃત્ય બદલે તેને ઘરમાંથી બહાર કાઢી મુકતા નથી તેમ પુત્રવધુને પણ કોઈ ગુનાસર પિયર કાઢી મુકાય. હદ તો ત્યારે થયા છે કે પોતાની પુત્રવધુના પેટે દિકરો ન જન્મે તો પણ દોષ પુત્રવધુનો કાઢવામાં આવે છે. આ પ્રકારની માનસિકતા ગરીબ પરિવારો કરતાં ધનાઢય પરિવારોમાં વધુ જોવા મળે છે. પોતાના પગ પર ઉભા ન રહી શક્તા બાપ કમાઈ પર તાગડધિન્ના કરતાં યુવાનો પિયરથી પૈસા લઈ આવવા પત્નિ પર ત્રાસ ગુજારે અને કયાંક તેને જીવતી સળગાવવાય તો શું એમ માની લેવાનું કે દિકરીના બાપ હોવું એ અભિશાપ છે?

-પોપટલાલ એસ. પ્રજાપતિ

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૪૧.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૦.૧૫
ઈશકઝાદ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫
એમઆઈબી-૩ (અંગ્રેજી) : ૬.૦૦
છોટા ભીમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદ : ૧૦.૦૦, ૭.૦૦
ડિપાર્ટમેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
હાઉસફુલ -૨ : ૪.૦૦

**સ્ક્રીન-૪ :** રક્તબીજ : ૧૦.૦૦
જન્નત -૨ : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૧૦.૧૫
છોટા ભીમ : ૫.૩૦
એમએલએ :૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** મેન ઈન બ્લેક (હિન્દી)૩ડી : ૯.૦૦, ૧૧.૧૫, ૩.૧૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
છોટા ભીમ : ૧.૩૦

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૧૫,૧.૦૦,૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** યે ખુલા આસમાન : ૧૦.૧૫, ૨.૪૫, ૭.૪૫
વીકી ડોનર : ૧૨.૧૫
વીર હમીરજી- સોમનાથની સંગાથે(ગુજરાતી) : ૪.૪૫
ડિપાર્ટમેન્ટ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** લવ રેસીપી : ૯.૩૦, ૨.૩૦
જન્નત -૨ : ૧૨.૦૦, ૧૦.૩૦
ડિપાર્ટમેન્ટ : ૫.૦૦
વીકી ડોનર : ૮.૦૦

### સૂર્યા, વાવોલ

કહર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વીર હમીરજી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ :** આર્થિક સમસ્યાનો ઉકેલ -કાર્ય સિધ્ધિ અને મનોકામના પૂર્ણ થતી જણાય. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ :** કૌટુંબીજ પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે. કોર્ટ- કચેરીમાં અટવાયેલા પ્રશ્નો નિરાકરણ આવી શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે.

**મિથુન :** આરોગ્યની સુખાકારી તથા સમૃધ્ધિ પ્રાપ્ત કરવાની તક મળી શકે છે. વાહન ચલાવતા સાચવવું. માનસિક ચિંતાહળવી બનતી જણાય. સમય સાનુકૂળ

**કર્ક :** નોકરી -વેપાર અર્થે થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. સામાજિક પ્રશ્નોના બંધનોથી મુકતતા મળે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

**સિંહ :** વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. વડીલો તથા ઉપલા વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી બની શકે છે. સમય શુભ.

**કન્યા :** આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વાહન ચલાવવામાં કાળજી રાખવી.

**તુલા :** ભાગ્યોદયનો સાથ મળી શકે છે. નોકરીયાત વર્ગને પદ -પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**વૃશ્ચિક :** રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. શેર- સટ્ટામાં કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**ધન :** માનસિક ચિંતામાં ઘટાડો થઈ શકે છે. સંતાન સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી.

**મકર :** ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. લગ્નત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. શેર- સટ્ટામાં સાચવવું.

**કુંભ :** આકસ્મિક ધન લાભ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. કૌટુંબિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું.

**મીન :** આરોગ્યની કાળજી રાખવી. વડીલો તથા ઉપરી વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી નીવડી શકે છે. સમય સાનુકૂળ

## ચિરવિદાય

- સ્વ. જશુમતીબેન કનૈયાલાલ વ્યાસ (ઉ.વ. ૫૯) ૧૮૪, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર

# ટાઉનહોલમાં ૨-જીએ કોમેડી 'છલ છલોછલ' નાટક યોજાશે

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સચિવ ડૉ. પ્રદિપ આઝાદે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા તા. ૨-જી જૂન-૨૦૧૨ના રોજ રાત્રે ૯.૧૫ કલાકે જ્યોતિ વૈદ્ય લિખિત અને રાજેશ રાણા દિગ્દર્શિત કોમેડી 'છલ છલોછલ' નાટક ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. ગાંધીનગરની કલા પ્રેમી જનતાને આ પ્રસંગે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ બપોરે ૩.૩૦ કલાક પછી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર બ્લોક નં. ૯, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે. જેનો સૌ લાભ લઈ શકશે.